મહાપાલિકાનું વિચિત્ર ગણિત: મુલાકાતીઓને 1 KM ચાલીને આવવું પડે છે, છતાં નવા વાઘ લાવવાની તૈયારી

# બંધ ફૂટબ્રિજની લાચારી વચ્ચે કમાટીબાગ ઝૂમાં સહેલાણીઓ સફેદ વાઘની ગર્જના સાંભળશે



પ્રાણી સંગ્રહાલયમાં પર્યટકોનું આકર્ષણ વધારવા માટે સફેદ વાઘ અને વાઘણની જોડી લાવવાની જાહેરાતને પગલે પ્રાણી પ્રેમીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે



પ્રાણી સંગ્રહાલયને બે ભાગમાં વહેંચતા પક્ષી ઘર અને મુખ્ય ઝૂ વિસ્તારને જોડતો ઐતિહાસિક ફૂટબ્રિજ છેલ્લા ઘણા સમયથી સલામતીના કારણોસર બંધ કરી દેવામાં આવ્યો છે

**સફેદ** વાઘ-વાઘણની જાહેરાત પર સવાલ: તૂટેલા પૂતળાં ન સંભાળનાર તંત્ર જીવતા પ્રાણીઓની દેખભાળ કેવી રીતે કરશે?

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના ઐતિહાસિક કમાટીબાગ સ્થિત પ્રાણી સંગ્રહાલયમાં પર્યટકોનું આકર્ષણ વધારવા માટે સફેદ વાઘ અને વાઘણની જોડી લાવવાની જાહેરાત મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ દ્વારા કરવામાં આવી છે. આ જાહેરાતથી પ્રાણી પ્રેમીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે, પરંતુ બીજી તરફ ઝૂ ની મૂળભૂત સુવિધાઓ અને જાળવણીને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે, જે મહાપાલિકાના આ નિર્ણયની યોગ્યતા પર પ્રશ્નાર્થ મૂકે છે.

કમાટીબાગ પ્રાણી સંગ્રહાલયને બે ભાગમાં વહેંચતા પક્ષી ઘર અને મુખ્ય ઝૂ વિસ્તારને જોડતો ઐતિહાસિક ફૂટબ્રિજ છેલ્લા ઘણા સમયથી સલામતીના કારણોસર બંધ કરી દેવામાં આવ્યો છે. વર્ષ 2022માં મોરબી દુર્ઘટના બાદ તેની સુરક્ષાની ચકાસણી કરવામાં આવી હતી અને તેને અનસેફ જાહેર કરાયો હતો.

આ બ્રિજ બંધ થવાથી, પ્રાણી સંગ્રહાલય જોવા આવતા સહેલાણીઓ અને ખાસ કરીને વૃદ્ધો તથા બાળકોને ટિકિટ બારીથી લગભગ એક કિલોમીટર જેટલું ગોળ ફરીને ઝૂના મુખ્ય ભાગમાં પ્રવેશ કરવો પડે છે. ટૂંકો રસ્તો બંધ થતા આ લાંબો અને થકવી નાખનારો ફેરો ફરવાથી પર્યટકો કંટાળી જાય છે અને જે મજા માણવા તેઓ કમાટીબાગમાં આવતા હોય છે, તે માણી શકતા નથી. આના કારણે મુલાકાતીઓની સંખ્યા અને આવક પર પણ અસર પડી છે.

અહીં નોંધનીય છે કે, જૂના બ્રિજની જગ્યાએ લગભગ રૂ. 15 કરોડના ખર્ચે નવો સમાંતર બ્રિજ બનાવવાની દરખાસ્ત વિચારણા હેઠળ છે, પરંતુ તેનું કામ હજુ શરૂ થયું નથી. જૂના કર્મચારીઓ અને સુરક્ષાકર્મીઓ પણ આ બ્રિજ બંધ હોવાથી મેન્ટેનન્સ અને પ્રાણીઓના ખોરાક પહોંચાડવાની કામગીરીમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે.

### માત્ર બે વર્ષમાં જ જાળવણીના અભાવે ફાઇબરના પ્રાણીઓની હાલત દયનીય



ફૂટબ્રિજની સમસ્યા ઉપરાંત, બે વર્ષ અગાઉ પર્યટકોને આકર્ષવા માટે ઝૂમાં વાઘ, જિરાફ, હાથી, ઝીબ્રા જેવા અન્ય પ્રાણીઓના ફાઇબરના પૂતળાં લગાવવામાં આવ્યા હતા. જોકે, પાલિકા તંત્ર આ પૂતળાંની યોગ્ય દેખભાળ રાખવામાં સદંતર નિષ્ફળ ગયું છે. જાળવણીના અભાવે આ આકર્ષણો હવે ખરાબ હાલતમાં છે.

એક તરફ પર્યટકોને પ્રાણી સંગ્રહાલયમાં પ્રવેશ માટે લાંબો ફેરો ફરવો પડે છે, અને બીજી તરફ અગાઉના આકર્ષણ (ફાઇબરના પૂતળાં)ની જાળવણીમાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. ત્યારે, મ્યુનિસિપલ કમિશનર દ્વારા સીધા સફેદ વાઘ-વાઘણની જોડી લાવવાની જાહેરાત કેટલી યોગ્ય છે, તે મોટો સવાલ છે.

શહેરના સહેલાણીઓ અને નાગરિકોનો મત છે કે, VMCએ નવા અને મોંઘા આકર્ષણો લાવવાને બદલે સૌપ્રથમ બંધ પડેલા ફૂટબ્રિજનું સમારકામ (અથવા નવો બ્રિજ બનાવવાનું કામ) વહેલી તકે પૂર્ણ કરવું જોઈએ જેથી મુલાકાતીઓની મૂળભૂત સમસ્યા દૂર થાય. જો પ્રાણી સંગ્રહાલયની મુલાકાત જ થકવી નાખનારી બની જશે, તો સફેદ વાઘની જોડી પણ લાંબા સમય સુધી આકર્ષણનું કેન્દ્ર બની રહેશે કે કેમ, તે એક મોટો પડકાર છે.

વડોદરા મહાનગરપાલિકાએ આકર્ષણ વધારવા માટે ભલે સારો વિચાર કર્યો હોય, પરંતુ જમીની સ્તરની સમસ્યાઓ અને જાળવણીના અભાવને અવગણવાથી આ નવી પહેલ પણ નિષ્ફળ ન જાય તે જોવું અનિવાર્ય છે.

ઐતિહાસિક ઈમારતના ગેટ નંબર 3 પાસે ઈંડાનો નિકાલ : તંત્ર નિંદ્રાધીન

# ન્યાયમંદિર ફરતે સફાઈ કર્યા વિના રેલિંગો લગાવી દેવાઈ











**તૂટેલા** ફૂટપાટના પથ્થરો, રેલિંગના ટુકડા અને ગંદકીના ઢગલાએ પ્રજાના પૈસાના વેડફાટનું જીવંત ચિત્ર રજૂ કર્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વડોદરામાં સ્વચ્છતાની મોટી મોટી વાતો વચ્ચે ન્યાય મંદિરની ફરતે સફાઈ વિના જ રેલિંગો લગાવાઈ છે. જ્યારે, ગેટ નંબર 3 પાસે ઈંડાના કચરાનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. તો બીજી તરફ દૂધવાલા મહોલ્લા સામેના ભાગે તૂટેલા ગટરના ઢાંકણાથી લોકોને જીવનું જોખમ ઉભું થયું છે. સ્માર્ટ સત્તાધીશો નિંદ્રાધીન જોવા મળ્યા છે. જેના કારણે નાગરિકોના પરસેવાના નાણાંનો વ્યય થવા પામ્યો છે.

મહારાજા સયાજીરાવ ગાયકવાડની ભેટ અને શહેરનું હેરિટેજ રત્નો વડોદરાના હૃદય સ્થાને આવેલું ન્યાય મંદિર આજે તંત્રની અવગણનાનું શિકાર બની રહ્યું છે. શહેરના ન્યાય મંદિર ફરતે તૂટેલા ફૂટપાટના પથ્થરો રેલિંગના ટુકડા અને ગંદકીના ઢગલા પ્રજાના પૈસાના વેડફાટનું જીવંત ચિત્ર રજૂ કરે છે. સાફ સફાઈ વિના હેરિટેજ ઈમારતની જાળવણી ના નામે રેલિંગ લગાડી દેવાય છે. સ્વચ્છતા અભિયાનની વાતો વચ્ચે સાધના સિનેમા સામે ગેટ નંબર ત્રણ પાસે ઈંડાનો નિકાલ કરતા ગંદકીના દ્રશ્યો સામે આવ્યા છે. બીજી બાજુ દૂધવાલા મહોલ્લા પાસે રોડ વચ્ચે ગટરનું ઢાંકણું તૂટેલી હાલતમાં છે. જેનાથી અકસ્માત થવાની શક્યતાઓ નકારી શકાય તેમ નથી. સ્માર્ટ સત્તાધીશો દ્વારા આ સમસ્યાનું નિરાકરણ ક્યારે થશે તે જોવું રહ્યું શહેરના એક નાગરિકે આ સમસ્યા ઉજાગર કરી હતી.

નોંધનીય છે કે ઐતિહાસિક ઈમારતની સાર સંભાળ પાલિકા તંત્રને સોંપવામાં આવી છે. જ્યારે કેટલાક લોકો દ્વારા અહીં કચરો નાખવામાં આવે છે તેમજ શોચક્રીયા પણ કરવામાં આવે છે. તંત્રના પાપે શહેરની ઐતિહાસિક ઈમારતોના હાલ બેહાલ થવા માંડયા છે. ત્યારે, હવે માંડવી લહેરીપુરા દરવાજા બાદ હવે ન્યાયમંદિરના પણ આવીજ હાલત થવા તરફ મંડાણ થયા છે.

વારંવારની માગણી કરીને શારિરિક-માનસિક રીતે હેરાન કરતા પરિણીતા પિયરમાં જતી રહી

# નવી ઓફિસ લેવા પિતા પાસેથી રૂપિયા લઈ આવ તેમ કહી પરિણીતા પર ત્રાસ ગુજારતા સાસરિયા

**ઘણા** મહિના થઇગયા છતાં પતિ તેડવા કે ફોન પર વાત નહી કરતા પરીણીતાએ પતિ અને સાસરીયા વિરુદ્ધફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલી લક્ષ્મીનારાયણ સોસાયટીમાં રહેતા કુહુબેન કક્કરના લગ્ન ગત ફેબ્રુઆરી 2022ના રોજ નીલ જયેશ ઠક્કર (રહે, વાસદ, જી.આણંદ) સાથે થયા હતા. તમામ કરીયાવર લઈને પરીણીતા સાસરીમાં વાસદ ખાતે રહેવા માટે ગઇ હતી. ત્યારે પતિ નીલ તે સમયે વડોદરામાં અકોટા ખાતે આવેલી કંપનીમાં નોકરી કરતા હતા. જેથી તેઓ સવારે સાડા દસેક વાગ્યા આસપાસ નોકરી જતા રહેતા અમારા લગ્ન થયાના એક એઠીવાડીયામાં જમવાનું બનાવતા આવડતું થી તેમ કહીને કહીને સાસુ શીલ્પાબેન ઠકક્કર મ્હેણા ટોણા મારવાનુ શરૂ કર્યું હતું.

તુ તો ખુબ જાડી તેમ કહીને માનસિક ત્રાસ આપતા હતા. જેથી પત્નીએ તેમના પતિ નીલને આ બાબતે વાત કરતા તેઓ સાભળતા ન હતા. લગ્નના બે મહિના બાદ ગેંડા સર્કલ પાસે એકાઉટન્ટ તરીકે નોકરી ચાલુ કરી હતી. જેનો પગાર પણ તેઓ વાપરી નાખતા હતા તેમ છતા પણ સાસુ શીલ્પાબેન તથા સસરા જયેશભાઇ ઠક્કર તારા બાપે તને દહેજમાં શું આપ્યું છે તેમ કહે હેરાન કરતા હતા. તારા બાપ પાસેથી તારા પતિને ઓફીસ ખોલવા માટે પૈસા દહેજ પેટે માગણી કરતા હતા, જેથી મે કંટાળીને લગ્નના પાંચ મહિના બાદ પતિને સાસુ સસરા બાબતે ફરીયાદ કરતા હતા. તુ મારા માતા-પિતાને સામું બોલે છે તેમ કહીને ગાળો આપી ત્રણ લાફા મારી દિધા હતા.

પતિએ તારા પિતા આટલુ બધુ કમાય છે તો પણ તને શું આપ્યું ધંધા માટે ઓફીસ ખોલવી છે તો તુ તારા પિતા પાસે પૈસા માગ તેમ કહીને પતિ પણ દહેજની માગણી કરવા લાગ્યાં હતા. દરમિયાન પરીણિતા ગર્ભવતી થતા પિયરમાં માતા-પિતા પાસે રહેવા ગઇ હતી. જુન મહિનામાં પુત્ર નિવેદનો જન્મ થયો હતો. ત્યારબાદ પુત્રને લઈને સાસરીમાં ગઇ હતી. પરંતુ પરીણીતા સાથે પતિ અને સાસુ સસરાનાસ્વભાવમાં ફરક પડ્યો નહતો અને તેઓ ઝઘડો કરતા હોય પરીણીતા ફરી કંટાળીને પિયરમાં જતી રહી હતી. ત્યારબાદ પતિ પરત લેવા માટે આવ્યા નહી કે કોઈ ફોન પણ કરતા ન હતા. જેથી મહિલાના પિતા મહેશભાઈ ઠક્કર સમાધાન કરવા વાસદ ખાતે ગયા હતા ત્યારે તેમની સાથે દીકરીના સાસરીસાયાઓએ ઝઘડો કરીને તેમને કાઢી મુક્યાં હતા. જેથી માંજલપુર પોલીસ સ્ટેશનમાં પરીણીતાએ તેમના પતિ સહિતના સહીતના સાસરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

## સથલોખરે 75.6% આવક અને 70.1% PAT વૃદ્ધિ નોંધાવી

વડોદરા : સથલોખર સિનર્જીસ ઈએન્ડસી ગ્લોબલ લિમિટેડ ડિઝાઈન, સિવિલ વર્ક્સ, પીઈબી સ્ટ્રક્ચર્સ, એમઈપી સિસ્ટમ્સ, સોલાર ઈન્સ્ટોલેશન અને ઈન્ટિરિયર ફિટ-આઉટ્સમાં એન્ડ ટુ એન્ડ ટર્નકી એક્ઝિક્યુશન પૂરૂં પાડતી અગ્રણી ઈપીસી કંપનીઓ પૈકીની એકે, નાણાકીય વર્ષ 26ના પ્રથમ અર્ધવાર્ષિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. નાણાકીય પ્રદર્શન પર ટિપ્પણી કરતા, સથલોખર સિનર્જીસ ઈએન્ડસી ગ્લોબલ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જી. થિયાગુએ જણાવ્યું, "અમારૂં પ્રથમ અર્ધવાર્ષિક પ્રદર્શન કંપની માટે પરિવર્તનકારી વર્ષ તરીકે છે, જે લિસ્ટિંગ બાદ પ્રાપ્ત થયેલા તીવ્ર વિકાસના માર્ગ પર ભાર મૂકે છે. વાર્ષિક ધોરણે ટર્નઓવરમાં લગભગ 75%નો વધારો થયો છે, જે અમારી અમલીકરણ ક્ષમતાઓ, નાણાકીય શિસ્ત અને મુખ્ય ઈપીસી વર્ટિકલ્સમાં વધતા ગ્રાહક વિશ્વાસની મજબૂતાઈને દર્શાવે છે.

બુટલેગર અને સપ્લાયર સહિત ત્રણ લોકોને વૉન્ટેડ જાહેર કર્યા

# માંજલપુર અને તલસટ ગામની સીમમાંથી રૂ.3.29 લાખના વિદેશી દારૂ સાથે 4 ઝડપાયાં

**પોલીસ** દ્વારા વિદેશી દારૂ, કાર, મોપેડ, રોકડ અને મોબાઇલ સહિત રૂ. ૨.6.98 લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા શહેર પીસીબી તથા અટલાદરા પોલીસ દ્વારા માંજલપુર તેમજ તલસટ ગામની સીમમાં રેડ કરીને રૂપિયા 3.29 લાખના વિદેશી દારૂ સાથે ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યાં હતા. જ્યારે બુટલેગર સહિત ત્રણ લોકોનો વોન્ટેડ જાહેર કર્યા છે.

વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારમાં પીસીબી પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરી રહી હતી. દરમ્યાન ફરતા ફરતા અવધૂત ફાટક પાસે બાતમી મળી કે પ્રતાપનગર રેલ્વે કોલોનીમાં રહેતા યુસુર યુસેનભાઈ દિવાન તથા અંકિત પ્રેમસિંગ રાઠોડ કારમાં વિદેશી દારૂ ભરી ભાવેશ દરબાર કે જે માંજપુર ગામ કુંભારવાડામાં કહે છે તેને અમરનાથપુરમ મેદાન સામે ડીલીવરી કરવા નીકળેલ છે. થોડીક વારમાં પહોંચનાર છે, જેથી પીસીબીએ અમરનાથપુરમ મેદાન ખાતે રેડ કરી હતી ત્યારેસ્થળ પરથી યુસુફ હુસેન દિવાન પકડાઇ ગયો હતો. જેમાં જ્યારે અંકીત પ્રેમસિંગ રાઠોડ નહી પકડાતા તેને વોન્ટે જાહેર કરવામાં આવ્યો છે. પીસીબી પોલીસની ટીમે કારમાં તપાસ કરી હતી ત્યારે તેમાંથી 65 હજારનો રૂપિયા વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પીસીબીએ વિદેશી દારૂ, કાર અને મોબાઈલ સહિત રૂપિયા 3.67 લાખનો મુદ્દામાલ કબજે કરીને આગળની કાર્યવાહી માટે માંજલપુર પોલીસ સ્ટેશનમાં આગળની કાર્યવાહી માટે સુપરત કરાયો છે. જ્યારે સેલવાસાના કરણીગીરને પણ વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

જ્યારે બીજા બનાવમાં અટલાદરા પોલીસે પણ તલસટ ગામની સીમમા ક્લાઉડ નાઈન બિલ્ડિંગની પાછળ આવેલા ભાલિયાના ખેતરમાંના ઝુપાડામાં વિદેશી દારૂનો જથ્થો રાખી મુક્યો છે. જેથી પોલીસે મોપેડ સાથે ત્રણ શખ્સો હાજર છે. તેવી મળેલી બાતમીના આધારે અટલાદરા પોલીસે રેડ કરી હતી ત્યારે સ્થળ ત્રણ વિષ્ણુ અમૃત ભાલિયા, રમેશ ઉર્ફે સુરેશ નો દિનેશ મારવાડી તથા રોશન ઉર્ફે કાલુ કોબરા ઠાકોર પરમારને ઝડપી પાડ્યાં હતા. પોલીસ સ્થળ પરથી વિદેશઈ દારૂ રૂપિયા 2.64 લાખ, રોકડા અને રૂ.17 હજાર, મોપેડ રૂ. 50 હજાર મળી રૂ. 3.31 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે અર્જુન ઉર્ફે સન્ની પુનમ મારવાડી ને વોન્ટે જાહેર કર્યો છે.

## શહેરમાં "ધ સાયન્સ ફેસ્ટ" - જિજ્ઞાસા, શોધ અને અવકાશી અજાયબીઓની ઉજવણી!

વડોદરા : આ ચિલ્ડ્રન ડે વિકએન્ડે ઈનોર્બિટ મોલ વડોદરા વિજ્ઞાન અને અવકાશ સંશોધનની દુનિયામાં રૂપાંતરિત થઈ રહ્યું હોવાથી તમારા બાળકની જિજ્ઞાસા અને કલ્પનાશક્તિને પ્રજ્વલિત કરવા માટે તૈયાર થઈ જાઓ!

આ સાયન્સ ફેસ્ટ 14થી 16 નવેમ્બર 2025 દરમિયાન મોલના એટ્રીયમ ખાતે બપોરે 12:00થી રાત્રીના 8:00 વાગ્યા સુધી યોજાશે. પ્રવેશ બિલકુલ નિઃશુલ્ક છે! આ ત્રિદિવસીય મહોત્સવ ચોક્કસપણે સર્જનાત્મકતા, શિક્ષણ અને મનોરંજનનો તેજઃપુંજ બની રહેશે, જ્યાં યુવા-બાળકો ઈન્ટરેક્ટિવ સાયન્સ એક્સપીરિમેન્ટ્સ અને સ્પેસ-થીમ્ડ એડવેન્ચર્સમાં ડૂબકી લગાવી શકે છે. ફન વિથ ફોર્સિસ અને રોકેટ લોન્ચર્સથી લઈને 3ડી ગ્લાસીસ, એમ્સ રૂમ અને ગ્લો-ઈન-ધ-ડાર્ક પેઈન્ટિંગ સુધીની દરેક પ્રવૃત્તિને અજાયબી અને શોધને પ્રેરણા આપવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ

# સાહિત્ય-સિનેમા પર MSUના પ્રોફેસરના મોકને સીઈસી દ્વારા મંજૂરી

**શિક્ષણ** મંત્રાલયની સ્વયંમ પહેલ હેઠળ મંજૂર કરાયેલ સમગ્ર રાજ્યમાંથી એકમાત્ર અંડરગ્રેજ્યુએટ સ્તરનો અંગ્રેજી સાહિત્ય અભ્યાસક્રમ

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ઈન્ટર-યુનિવર્સિટી સેન્ટર, કન્સોર્ટિયમ ફોર એજ્યુકેશનલ કોમ્યુનિકેશનએ પ્રો.ડો.હિતેશ.ડી.રવિયા, પ્રો.હેડ, અંગ્રેજી વિભાગ અને એસોસિયેટ ડીન, ફેકલ્ટી ઓફ આર્ટ્સ દ્વારા વિકસાવવામાં આવેલા સાહિત્ય અને સિનેમા નામના નવા મેસિવ ઓપન ઓનલાઈન કોર્સ માટે દરખાસ્તને મંજૂરી આપી છે.

ઈએમઆરસી અમદાવાદ દ્વારા રજૂ કરાયેલ આ દરખાસ્તને વિષય નિષ્ણાત જૂથ અને સીઈસીની શૈક્ષણિક સલાહકાર પરિષદ દ્વારા મૂલ્યાંકન પછી મંજૂરી આપવામાં આવી છે. આ કોર્ષ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સીઈસી મીડિયા સેન્ટર ખાતે તૈયાર કરવામાં આવશે અને 25 ફેબ્રુઆરી, 2026 સુધીમાં પૂર્ણ થવાનો છે. મહત્વપૂર્ણ વાત એ છે કે, શિક્ષણ મંત્રાલયની સ્વયંમ પહેલ હેઠળ મંજૂર કરાયેલ સમગ્ર ગુજરાત રાજ્યમાંથી આ એકમાત્ર અંડરગ્રેજ્યુએટ-સ્તરનો અંગ્રેજી સાહિત્ય અભ્યાસક્રમ છે, જે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. પાંચ-ક્રેડિટ કોર્ષ સાહિત્ય અને સિનેમા યુજીસી ચોઈસ-બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ અને સ્વયંમ માર્ગદર્શિકા 2024 સાથે સંરેખિત, બીએ ઓનર્સ અંગ્રેજી છઠ્ઠા સેમેસ્ટર હેઠળ ઓફર કરવામાં આવશે. તે સાહિત્ય અને ફિલ્મ વચ્ચેના જીવંત સંબંધની શોધ કરે છે, લેખિત અને દ્રશ્ય માધ્યમોમાં



વાર્તાઓ અને સૌંદર્ય શાસ્ત્ર કેવી રીતે વિકસિત થાય છે, તેની તપાસ કરે છે. આ કોર્ષ રોમિયો અને જુલિયટ, પિંજર, અર્થ, હૈદર અને ફ્રોમ રશિયા વિથ લવ જેવા પસંદગીના કાર્યો દ્વારા અનુકૂલન સિદ્ધાંત, ફિલ્મ વિશ્લેષણ અને સાંસ્કૃતિક દ્રષ્ટિકોણને એકીકૃત કરશે. તેમાં જેમ્સ મોનાકો, લિન્ડા હચિયોન અને લૌરા મુલ્વે જેવા મુખ્ય ફિલ્મ સિદ્ધાંતકારો પર ચર્ચાઓ પણ દર્શાવવામાં આવશે. સાહિત્ય અને સિનેમા મોક ગુજરાતની અગ્રણી યુનિવર્સિટીઓમાંથી એક આંતરશાખાકીય શૈક્ષણિક ટીમને એકસાથે લાવે છે. આ ટીમ શિક્ષણ મંત્રાલયના સ્વયંમ પહેલ હેઠળ રાષ્ટ્રીય સ્તરે શીખનારાઓ માટે અભ્યાસક્રમ ડિઝાઈન, સ્ક્રિપ્ટ અને ઉત્પાદન કરવા માટે સહયોગથી કામ કરશે.પ્રો.ડો.હિતેશ ડી.રવિયા શિક્ષણ, સંશોધન અને શૈક્ષણિક નેતૃત્વમાં લગભગ ત્રણ દાયકાથી વિશિષ્ટ સેવા આપી ચૂક્યા છે. પ્રો. રવિયાએ UGC, NAAC, RIE, NCERT અને સંસ્કૃતિ મંત્રાલય સાથે શૈક્ષણિક અને નીતિગત પહેલોમાં પણ યોગદાન આપ્યું છે, જે ઉચ્ચ શિક્ષણમાં ભારતીય જ્ઞાન પ્રણાલીઓ અને ડિજિટલ શિક્ષણશાસ્ત્રના એકીકરણને મજબૂત બનાવે છે. આ અભ્યાસક્રમ ટૂંક સમયમાં સ્વયંમ પ્લેટફોર્મ www.swayam.gov.in પર દેશભરમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે, એમએસયુ અને સીઈસી, નવી દિલ્હી દ્વારા પ્રમાણપત્ર સાથે, માનવતામાં ડિજિટલ ઉચ્ચ શિક્ષણના ભારતના વધતા ઈકોસિસ્ટમમાં યોગદાન આપશે.

### કોર્ષ ડેવલોપમેન્ટ ટીમ

1. **પ્રો.ડો.હિતેશ ડી. રવિયા:** પ્રોફેસર અને વડા, અંગ્રેજી વિભાગ, MSU બરોડા પ્રિન્સિપાલ ઇન્વેસ્ટિગેટર / પ્રોજેક્ટ લીડર
2. **પ્રો.ડો.જગદીશ એસ.જોશી:** ડિરેક્ટર, UGC-MMT TC, ગુજરાત યુનિવર્સિટી - વિષય નિષ્ણાત (SME)
3. **પ્રો.ડો.ચારુલ જૈન:** અંગ્રેજીના પ્રોફેસર,એમએસયુ બરોડા વિષય નિષ્ણાત (SME)
4. **ડો.પારુલ માલવિયા:** સહાયક પ્રોફેસર, એમએસયુ - વિષય નિષ્ણાત (SME)

## રિખવ સિક્યોરિટીઝે 386.67 કરોડની આવક નોંધાવી

વડોદરા : રિખવ સિક્યોરિટીઝ લિમિટેડ, અગ્રણી વૈવિધ્યસભર સ્ટોક માર્કેટ સર્વિસ પ્રોવાઈડર્સ પૈકીની એકે, નાણાકીય વર્ષ 26ના પ્રથમ અર્ધવાર્ષિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. નાણાકીય પ્રદર્શન પર ટિપ્પણી કરતા, રિખવ સિક્યોરિટીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી હિતેશ લાખાણીએ જણાવ્યું, "નાણાકીય વર્ષ 26ના પ્રથમ અર્ધવાર્ષિક દરમિયાન અમારા પ્રદર્શનમાં સુધારો થયો છે, જે સ્થિર કાર્યકારી પ્રગતિ અને વ્યવસાય વિસ્તરણને પ્રતિબિંબિત કરે છે. અમે વાર્ષિક ધોરણે લગભગ 20થી 25 ટકાની એકંદર વૃદ્ધિની અપેક્ષા ધરાવીએ છીએ. અમે અમારી માર્જિન ટ્રેડિંગ ફેસિલિટી (એમટીએફ) લગભગ 10 કરોડની વર્તમાન બુક સાઈઝ સાથે શરૂ કરી છે, અને અમને અપેક્ષા છે કે આ સેગમેન્ટ દર છ મહિનામાં 30થી 40 ટકા વધશે. ઓનલાઈન ખાતું ખોલવાની પ્રક્રિયા સરળતાથી શરૂ થઈ ગઈ છે, અને અમારી મોબાઈલ એપ્લિકેશન કે જે પહેલાથી જ કાર્યરત છે.

# વડોદરા ખાતે 'ચેમ્પિયનશીપ લીગ' સિઝન 2માં જોવા મળશે વુમેન ક્રિકેટ ટેલેન્ટ

**નોન** પ્રોફેશનલ ક્રિકેટ પ્લેયર્સ હાર્ડ ટેનીસ બોલથી ક્રિકેટ રમશે

**શહેરોમાં** ક્રિકેટ્ની એકેડમીમાં પણ મહિલા ખેલાડીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ત્યારે મહિલાઓને ક્રિકેટ ક્ષેત્રે વધારે પ્રોત્સાહિત કરવા તેમજ એક મનોરંજનના હેતુથી વડોદરા ખાતે વુમેન્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.12

તાજેતરમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ રચ્યો છે. ત્યારે આપણી ભારતીય મહિલા ક્રિકેટ ટીમ દેશની તમામ દિકરીઓના રોલ મોડેલ બન્યા છે. જેમાં યુવા પેઢીમાં, ખાસ કરીને છોકરીઓ, તેમના સપનાઓને સાકાર કરવા માટે હવે પ્રેરિત થઈ છે અને હવે છોકરીઓ ક્રિકેટમાં વધુને વધુ રસ લેતી જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે, શહેરોમાં ક્રિકેટ્ની એકેડમીમાં પણ છેલ્લા કેટલાક વર્ષોમાં મહિલા ખેલાડીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ત્યારે મહિલાઓને ક્રિકેટ ક્ષેત્રે વધારે પ્રોત્સાહિત કરવા તેમજ એક મનોરંજનના હેતુથી વડોદરા ખાતે વુમેન્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

એક દિવસની મેચમાં નોન પ્રોફેશનલ ક્રિકેટ પ્લેયર્સ આવી પોતાનું બેસ્ટ પર્ફોર્મન્સ આપશે. આ એક ટેનીસ ટુર્નામેન્ટ હશે જેમાં 15 વર્ષની ઉપરની કોઈપણ મહિલા ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકશે. વડોદરા ખાતે યોજાવા જઈ રહેલી આ ટોપ ચેમ્પિયન્સ લીગમાં હાઉસ વાઈફ, સ્ટુડન્ટ્સ, વર્કીંગ વુમન, ભાગ લઈ શકશે.